# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૧૨ કેસ, ૧૪ના મૃત્યુ

## અત્યાર સુધીમાં ૨૮૮૩ લોકોના મૃત્યુ અને ૬૮૨૫૭ લોકો ડિસ્ચાર્જ : ૨૪ કલાકમાં ૮૫ લોકો વેન્ટીલેટર ઉપર

ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૭૫૨૫૮ ટેસ્ટ કરવામાં આવતા પ્રથમવાર કોરોના પોઝીટીવનો આંકડો બીજી વાર ૧૨૦૦ને પાર થઈ ૧૨૧૨ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે રાજ્યમાં કુલ સંક્રમિતનો આંકડો ૮૫ હજારને પાર થઈને ૮૫૬૭૮ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૪ દર્દીના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૮૮૩ થયો છે. રાજ્યમાં આજે ૯૮૦ દર્દી ડિસ્ચાર્જ કરાતા કુલ ડિસ્ચાર્જનો આંકડો ૬૮૨૫૭ થયો છે.

રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૩૨૦ કેસ એક્ટિવ છે. જેમાં ૮૫ વેન્ટીલેટર પર અને ૧૪૪૫૩ કેસ સ્ટેબલ છે.આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે આજે ૧૪ના મોત નોંધાયા છે. જેમાં અમદાવાદમાં ૩, સુરત શહેરમાં ૩ અને ગ્રામ્યમાં ૩, જુનાગઢમાં ૨, કચ્છ પાટણ અને વડોદરામાં ૧-૧ મોત નોંધાયા છે.અમદાવાદ શહેરમાં ૧૫૭ અને જિલ્લામાં ૨૨ સાથે કુલ ૧૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૦૦૨૩ થયો છે. આજે ૩ વધુ મોત થતા ૧૬૮૦ મોત કુલ થયા છે. સુરત શહેરમાં ૧૬૬ અને જિલ્લામાં ૭૨ સાથે કુલ ૨૩૮ કોરોનાના કેસ આજે નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૧૮૧૭૩ થયો છે.

આજે વધુ ૬ મોત નોંધાતા કુલ મોતનો આંકડો ૫૯૨ થયો છે. વડોદરા શહેરમાં ૯૪ અને જિલ્લામાં ૨૮ સાથે કુલ ૧૨૨ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૦૭૭ થયો છે. આજે ૧ મોત નોંધાતા વડોદરામાં કુલ મૃત્યુઆંક ૧૧૮ થયો છે.રાજકોટમાં ૬૪ અને જિલ્લામાં ૩૫ કેસ સાથે ૯૯ કેસ નોંધાયા છે. આ સાથે સ્ક્રમિતનો આંકડો ૩૮૫૨ થયો છે. ભાવનગર શહેરમાં ૩૫ અને જિલ્લામાં ૨૩ સાથે ૫૮ કેસ નોંધાયા છે. આ સાથે ૨૩૬૫ કુલ કેસ થયા છે.



**ખેડબ્રહ્મા અંબાઈગઢા ગામે ૧૦ ફૂટ લાંબો અજગર પકડ્યો**

ખેડબ્રહ્મા તાલુકાના અંબાઈગઢા ગામે ખાંટ કાળુભાઈના ખેતરમાં બપોરે કામે જતા અજગર નજરે પડતા વન વિભાગને જાણ કરતા વન વિભાગના કર્મચારીઓ વિશાલભાઈ, અમિતભાઈ, રોનાકભાઈ આવી ૧૦ ફૂટ લાંબા અજગરને પકડી સલામત સ્થળે છોડી મુકવામાં આવ્યો હતો.

## વિદ્યાનગરી રોડ અને શારદા કુંજમાંથી બાઈક ચોરાયા

હિંમતનગર, તા. ૨૨

હિંમતનગરના વિદ્યાનગરી રોડ તથા શારદાકુંજ વિસ્તારમાંથી થોડા દિવસ અગાઉ ચોરાયેલા બે બાઈકો અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. ગત તા. ૫ ઓગષ્ટના રોજ હિંમતનગરના વિદ્યાનગરી રોડ પર આવેલ આશીર્વાદ કોમ્પલેક્ષની ખુલ્લી જગ્યામાં સંજયસિંહ ગણપતસિંહ રાઠોડે પોતાની ૨૦હજારની કિંમતના બાઈક નં. જીજે. ૦૯.ડીબી. ૬૪૯૨ને પાર્ક કરીને રાખ્યુ હતુ. દરમિયાન કોઈ અજાણ્યો શખ્સ બાઈકની ચોરી કરી ભાગી ગયો હતો જે અંગે તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો ન મળતા આખરે સંજયસિંહગ રાઠોડે શુક્રવારે હિંમતનગર બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ વાહન ચોરાયાની ફરીયાદ નોંધાવી હતી. તા. ૧૯ ઓગષ્ટ દરમિયાન શારદાકુંજ સોસાયટીમાં આવેલ મકાન નં. ૩૬ આગળથી અજાણ્યો શખ્સ રૂ. ૨૫ હજારની કિંમતના બાઈક નં. જીજે.૧૦.બીએમ. ૭૦૩૪ની ચોરી કરી લઈ ગયો હતો. ત્યારબાદ ચોરાયેલા બાઈક અંગે બાઈકના માલિક કોદરભાઈ રત્નાભાઈ પરમાર તપાસ કરવા છતા બાઈકનો કોઈ પત્તો ન મળતા હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

## ખેડબ્રહ્મા નાકા ગામમાં ડૂબી જવાથી વૃદ્ધનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા તાલુકાના નાકા ગામે એક વૃદ્ધનું પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યુ હતુ.

ખેડબ્રહ્મા તાલુકાના પૂર્વ વિસ્તારના ગામડાઓમાં શુક્રવાર રાત્રીના વધુ વરસાદ ખાબક્યો હતો. જેને લઈ નદી નાળા પણ ઉભરાઈ ગયા છે. ત્યારે નાકા ગામના પારગી હેમાભાઈ કચરાભાઈ ઉ.વ. ૬૫ માનસિક અસ્વસ્થ હોઈ સવારે ૭ વાગ્યાની આસપાસ હરણાવ ૨ યોજનાના ચેકડેમ પાસે લપસી પડ્યા હતા. પાણીમાં ડૂબી જવાથી મોત નીપજ્યુ હતુ.

### ભીંજારો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરજનો ગરમીમાં રાહત અનુભવી રહ્યા છે. વરસાદના લીધે શહેરમાં હરિયાળીનો નઝારો નિખર્યો છે. પરંતુ સેકટરોમાં વરસાદી સમસ્યા પણ વધુ જટીલ સ્વરૂપે ઉભરી રહી છે. સેકટરોમાં વરસાદના લીધે કાદવ કિચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે વરસાદી પાણી ભરાતા માટી પોલાણ થવાના પણ કીસ્સા વધ્યા છે. સેકટરોમાં માર્ગોની આસપાસ હજુ પણ ખાડાઓ ખોદાયેલા યથાવત છે. બીજીતરફ સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો પણ ડુલ રહેતા સાંજ ઢળતા વરસાદી વાયરા વચ્ચે અંધારપટ્ટ પણ નાગરિકો માટે હાલાકીનુ કારણ બને છે. શહેરમાં આ વર્ષે વરસાદનો મિજાજ કાંઈક અલજ જ જોવા મળે છે. ભારે વરસાદના બે થી ત્રણ રાઉન્ડમાં મેઘરાજા વધુ આક્રમક અને તોફાની બન્યા હોવાનો અહેસાસ પણ નગરજનો કરી રહ્યા છે. પવનના સુસવાટા અને વિજકડાકા સાથે વરસતા વરસાદના લીધે મેઘરાજાનુ આગમન પણ નગરજનોને ભયભીત કરી દે છે. ગઈકાલના તોફાની વરસાદના અંતે આજે દિવસ દરમિયાન આકાશી નઝારો વાદળોથી નિખર્યો હતો પરંતુ ગાજવીજ કરતા મેઘરાજા આજે શાંત રહ્યા હતા. દિવસ દરમિયાન વરસાદી વાયરા અને ઝરમર છાંટણા વચ્ચે નગરમાં ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. શહેરમાં સિઝનનો ૨૩ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જયારે વરસાદી વાતાવરણ વચ્ચે સેકટરોમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ વધી રહ્યો છે. સેકટરોમાં દવા છંટકાવ તેમજ મચ્છર ઉત્તપત્તિ સ્થાનો ડામવા માટે પણ કોઈ કામગીરી થઈ નથી. જેના લીધે કોરોનાના કહેર વચ્ચે અન્ય રોગચાળો પણ માથુ ઉંચકે તેવી દહેશત નગરજનોમાં પ્રબળ બની છે.

### નવા ૧૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલોલ તાલુકામાં કોરોનાના સંક્રમણના વધતા કેસોને પગલે તંત્રમાં ચિંતા વધી છે. માણસા તાલુકામાં પણ આજે વધુ ૩ કેસ નોંધાયા છે. માણસા અર્બન વિસ્તારમાં આ કેસો નોંધાયા છે. જે રીતે માણસામાં કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તાલુકામાં ૧૨૦ થી વધુ કેસ અત્યાર સુધીમાં નોંધાઈ ચુક્યા છે. તંત્રએ માણસા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન બનાવવાની સૂચનાઓ આપી છે.

માણસા અર્બનમાંથી આજે એક ૬૫ વર્ષીય મહિલા ઉપરાંત ૭૪ વર્ષીય વૃદ્ધ તેમજ ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્ર દ્વારા આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાનું જાણવા મળેલ છે. બીજી તરફ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૨૫૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ૧૨૬ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લામાં આજે ૧૬૨૬૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

### ૭૦૫ કેસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એક ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૮ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨ માં આજે નોંધાયેલા ૩ એ કેસના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ સાથે જ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ ઉપરાંત કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણ પર સતત નજર રાખવા માટેની કડક સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે. સે. ૭ માંથી એક ૬૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૩૦ માંથી આજે એક ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી જૈન ભોજનાલય બોરીજ ખાતે નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પરિવારના એક સભ્યને તંત્રએ હોમ ક્વોરન્ટાઈન કર્યા છે. સે. ૨૮ માં આજે બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ મહિલા દર્દીના છે. જેમાં એક મહિલા ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે સેવાઓ આપે છે. તેને ખાનગી હોસ્પિટલમાં જ સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ સ્ટાફનર્સના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ઉપરાંત સે. ૨૮ માંથી એક ૬૨ વર્ષીય ગૃહીણનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૧૯ જે વી.આઈ.પી. સેક્ટર ગણાય છે તેમાંથી એક ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મહિલાના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

### ટેન્ડર રદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન્યૂઝ એજન્સી પીટીઆઈએ સૂત્રોના હવાલેથી જણાવ્યું કે ચીની જોઈન્ટ વેન્ચર સામે આવ્યા બાદ રેલવે એવો પ્રયાસ કરી રહી છે કે કોઈ ભારતીય કંપનીને આ ટેન્ડર મળે. જે બાદમાં આ માટે ગત ૧૦ જુલાઈના રોજ ઈન્ડિયન રેલવેએ ચેન્નાઇ સ્થિત ઈન્ટીગ્રલ કોચ ફેક્ટરી માટે ટેન્ડર બહાર પાડ્યું હતું. ઉપરના જોઈન્ટ વેન્ચર ઉપરાંત જે પાંચ કંપનીઓએ રસ દેખાડ્યો છે તેમાં ભારત સરકારની ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ, ભારત ઈન્ડસ્ટ્રીઝ, ઈલેક્ટ્રોવેવ્સ ઈલેક્ટ્રોનિક્સ પ્રાઈવેટ લિમિટેડ, મેઘા સર્વો ડ્રાઈવ્સ પ્રાઈવેટ લિમિટેડ, પાવરનેટિક્સ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સામેલ છે.

**મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં**

## કોરોનાકાળમાં વિધ્નહર્તાની સાદગીભરી પધરામણી

મોડાસા, તા. ૨૨

કોરોના મહામારી વચ્ચે આજથી ગણેશોત્સવનો પ્રારંભ થયો છે. કોરોનાને કારણે સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન મુજબ મોડાસા શહેર સહીત અરવલ્લી જિલ્લામાં પણ આજે ખુબ જ સાદગીપૂર્વક ઘર-ઘરમાં વિધ્નહર્તાનું વિધિવિધાનપૂર્વક સ્થાપન કરવામાં આવ્યું છે.



કોરોનાની મહામારીએ લોકોની જીવનશૈલી બદલી નાખી છે ત્યારે આ વખતે ભગવાનના દર્શન-પૂજા પણ પ્રભાવિત થયા છે. સાર્વજનિક ગણેશોત્સવની દાયકાઓની પરંપરા તુટી છે. વિશાળ અને ભવ્ય ગણપતિ પંડાલ નદારદ થયા છે. આવી સ્થિતિમાં પણ લોકોની વિધ્નહર્તા પ્રત્યેની આસ્થા અડગ રહી છે. નિયમો અને ગાઈડલાઈન મુજબ મોડાસા શહેરમાં આજે લોકોએ ૨ ફૂટ સુધીની ગણપતિની માટીની મૂર્તિની પધરામણી અને સ્થાપન કરીને ગણેશોત્સવનો ખૂબ જ સાદગીપૂર્વક પ્રારંભ કર્યો હતો. જોકે કોરોનાને કારણે ગણેશ સ્થાપનની સંખ્યામાં ચોક્કસ ઘટાડો થયો છે. પરંતુ લોકોની આસ્થા અને ઉત્સાહમાં કોઈ કમી જોવા મળી નથી. શહેરના અસંખ્ય ઘરોમાં આજે દુંદાળા દેવની પધરામણી થઈ હતી.



અરવલ્લી જિલ્લામાં ગણેશ ભક્તોએ ગણેશ ચતુર્થીના દિવસે ઘેર ઘેર ગણેશજીની સ્થાપના કરી હતી. કોરોના મહામારીને પગલે આ વખતે ગણેશ મહોત્સવના જાહેર કાર્યક્રમો યોજાઈ શકે તેમ ન હોવાને કારણે જિલ્લામાં આ વર્ષે ગણેશજીની મૂર્તિનું મોટાપાયે વેચાણ થયું છે. પર્યાવરણને નુકસાન ન થાય તે હેતુસર ભક્તો દ્વારા માટેની ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિનું ગણેશ ચતુર્થીના દિવસથી પોતાના ઘરે સ્થાપન કરી ગણેશજીની પૂજા-અર્ચના કરી હતી. ભક્તિભાવ અને આસ્થાપૂર્વક ગણેશજીની સ્થાપના કરી હતી.

### ઘૂસણખોરો ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાકિસ્તાની તસ્કર પાસેથી હેરોઈન મંગાવનાર એક યુવક સુખવિંદરસિહ કાકાની ધરપકડ કરવામાં આવી હતી. અગાઉ આતંકવાદીઓએ ગુજરાત-રાજસ્થાન સરહદ પરથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જ્યાં ઘુસણખોરીનો પ્રયાસ કરી રહેલા ઘૂસણખોરોને બીએસએફના જવાનોએ ઠાર કરી દીધા હતા. બીએસએફના જવાનોએ જોયું કે એક વ્યક્તિ પાકિસ્તાનથી સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. તેને રોકાવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ તે બેરીકેડ્સ પાર કરી દોડવા લાગ્યો હતો. ત્યારબાદ બોર્ડર સિક્યુરિટી ફોર્સના જવાનોએ તેમના ઉપર ફાયરિંગ કર્યું અને ઘુસણખોરને ત્યાં જ ઠાર કરી દીધો હતો. આ અગાઉ પણ બોર્ડર સિક્યુરિટી ફોર્સે પાકિસ્તાન દ્વારા દિવસ દરમિયાન ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. જો કે, રાત્રિ દરમિયાન આ ક્ષેત્રમાં ઘુસણખોરી કરવાનો પ્રથમ વખત પ્રયાસ થયો હતો.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિલ્હી પોલીસને સૂચના મળી હતી કે આતંકવાદી ધૌલાકુઆ અને કરોલ બાગની વચ્ચે રિઝ વિસ્તારમાં મોજૂદ છે. ત્યાર પછી પોલીસે સર્ચ ઓપરેશન ચલાવ્યું. સૂચના મળતા પોલીસે જ્યારે સર્ચ ઓપરેશન શરૂ કર્યું તો આતંકવાદીએ ગોળીબારી શરૂ કરી દીધી. બંને તરફથી ચાલેલી ફાયરિંગ પછી આતંકવાદીની ધરપકડ કરી લેવામાં આવી છે.

આઈએસઆઈએસ આતંકીનું નામ અબ્દુલ યૂસુફ છે. તે ઉત્તર પ્રદેશના બલરામપુરનો રહેવાસી છે. એનએસજીએ લોકોને જાણકારી આપી છે કે, અબ્દુલ અપાચે બાઈક પર આવ્યો હતો. બાઈકનો નંબર ઉત્તર પ્રદેશમાં રજિસ્ટર્ડ છે. તેની પાસેથી બે પ્રેશર કુકરમાં ૨ આઈઈડી અને લગભગ ૧૫ કિલોનો વિસ્ફોટ મળ્યો છે. આતંકવાદીની ધરપકડ પછી દિલ્હી, યૂપી અને ઉત્તરાખંડમાં ૬ જગ્યાઓ પર છાપેમારી કરવામાં આવી છે. દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હાઈ અલર્ટ કરી દેવામાં આવ્યું છે.

### હરાજી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આની પાછળ શાનદાર ઈતિહાસ હોઈ શકે છે. આ ચશ્મા આપનાર વ્યક્તિએ કહ્યુ હતુ કે જો આ કિંમતી ન હોય તો તેને નષ્ટ કરી દેજો. એજન્સીના કહેવા પ્રમાણે અમે જ્યારે તેના માલિકને ચશ્માની કિંમત વિશે જણાવ્યું તો તેની બોલતી બંધ થઈ ગઈ હતી. હરાજીમાંથી મળેલી રકમ આ વ્યક્તિ તેની દીકરીને આપશે. ઈંગ્લેન્ડના એક અજાણ્યા વૃદ્ધ વ્યક્તિના પરિવાર પાસે આ ચશ્મા હતા. ચશ્મા વેચનાર વ્યક્તિને તેના પિતાએ જણાવ્યું હતું કે આ ચશ્મા તેના કાકાને મહાત્મા ગાંધીએ ભેટ સ્વરૂપે આપ્યા હતા. ત્યારે તેઓ ૧૯૧૦થી ૧૯૩૦ વચ્ચે દક્ષિણ આફ્રિકા ખાતે બ્રિટન પેટ્રોલિયમમાં કામ કરી રહ્યા હતા. બ્રિટનની પેઢી તરફથી કરવામાં આવેલી હરાજીમાં ભારતના વ્યક્તિઓએ પણ ભાગ લીધો હતો.

## પિતાની હત્યા કરનાર ફરાર પુત્ર ઝડપાયો

ભિલોડા, તા. ૨૨

ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામે પુત્રએ બોથર્ડ પદાર્થના ઘા મારી પિતાને મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી ગઈ હતી. પિતા દ્વારા માતાને માનસિક શારિરીક ત્રાસ ગુજારાતો હતો અને અવારનવાર મારઝુડ કરાતા આખરે કંટાળી સગા દિકરાએ પોતાના પિતાનું ઢીમ ઢાળી દીધું હતું. હત્યારો પુત્ર ફરાર થઈ ગયો હતો. બોલુન્દ્રા ગામે પુત્રએ પિતાની હત્યા કરી દેવાની ચકચારી ઘટના ઘટતા ભિલોડા પીએસઆઈ કે.કે. રાજપૂત અને તેમની ટીમ ઘટનાસ્થળે મૃતકના મૃતદેહને પીએમ માટે ખસેડી હત્યારા પુત્રને ઝડપી પાડવા ચક્રોગતિમાન કરી ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

ભિલોડાના બોલુન્દ્રા ગામના ધુળાભાઈ નાથાભાઈ તરાર (ઉ.વ.૫૮) કે જેઓ અવારનવાર દારૂ પી ને આવી તેઓની પત્ની લીલાબેનને મારઝુડ કરતા હતા અને શારિરીક માનસિક ત્રાસ આપી પરેશાન કરતા હતા. જેથી પુત્ર દિનેશભાઈ તરારે આ અંગે પિતાને ઠપકો આપ્યો હતો. પરંતુ પિતા દ્વારા માતાને અસહ્ય ત્રાસ આપવાનું ચાલુ જ રહયું હતું. ત્યારે પુત્રએ કંટાળી જઈ તેની અદાવત રાખી



તેના પિતા ધુળાભાઈ તરારને ઘાતક હથિયાર વડે કપાળમાં ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યા હતા. પુત્રએ પિતાને બોથર્ડ પદાર્થના ઘા મારી હત્યા કરાતા આ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જયારે આ ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા. ભિલોડા પોલીસે મૃતક ધુળાભાઈના ભાઈ ચંદુભાઈ નાથાભાઈ તરારની ફરિયાદના આધારે હત્યારા પુત્ર દિનેશ ધુળાભાઈ તરાર (રહે, બોલુન્દ્રા-ભિલોડા) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૦૨ તથા જીપીએકટ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર હત્યારાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ભિલોડા પોલીસે ભિલોડા નજીકથી હત્યારા પુત્ર દિનેશ ધુળાભાઈ તરારને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભિલોડા પોલીસે ગણતરીના દિવસોમાં હત્યારાને ઝડપી પાડતા પોલીસ કામગીરીની સરાહના કરી હતી.

## જિલ્લાના ફાયર વિભાગને રેસ્ક્યુ વાનનું લોકાર્પણ કરતા જિલ્લા સમાહર્તા

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના ફાયર વિભાગ હિંમતનગરને ગુજરાત ફાયર સર્વિસ તરફથી એક રેસ્ક્યુ વાન આપવામાં આવી. જેનું જિલ્લા સમાહર્તા સી.જે. પટેલના હસ્તે લોકાર્પણ કરી લીલી ઝંડી આપી વાનને પ્રસ્થાન કરાવી હતી.

આ પ્રસંગે જિલ્લા સમાહર્તાએ જણાવ્યું હતું કે ચોમાસામાં પૂર કે અન્ય કોઈ હોનારત દરમિયાન જિલ્લાનો ફાયર વિભાગ સતત નાગરીકોના જીવન બચાવવા ખડે પગે રહે છે. આ ફાયર વિભાગના જવાનોને જીવન બચાવવા માટે કોઈ સાધનની કમી ના રહે તે માટે ગુજરાત સરકારના ફાયર સર્વિસ વિભાગ દ્વારા આ રેસ્ક્યુ વાન જિલ્લાને મળી છે. જેથી જ્યારે કોઈ રેસ્ક્યુ કોલ આવે ત્યારે ફાયર સ્ટાફને બચાવ માટેની અદ્યતન સાધન સામગ્રીથી





સજ્જ વાન લઈ હવેથી ફક્ત રેસ્ક્યુના સાધનો સાથે આ વાન થકી ઝડપથી ઘટનાસ્થળે પહોંચી વધુમાં વધુ જીવન બચાવી શકાશે. ફાયરબ્રિગેડ વતી ફાયર ઈન્સ્પેક્ટર દ્વારા વાનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર મોદી, મામલતદાર ડીઝાસ્ટર, ડીપીઓ ડીઝાસ્ટર, નાયબ મામલતદાર ઉપસ્થિત રહ્યા હતા.

## સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની જન્મદિવસે રક્તદાન કરી અનોખી રીતે ઉજવણી

સાબરકાંઠા જિલ્લા પંચાયતના વહીવટી વડા જિલ્લા વિકાસ અધિકારિ ડો. રાજેન્દ્ર પટેલે



પોતાનો જન્મદિન અનોખી રીતે રક્તદાન કરી સાદગીપૂર્ણ રીતે ઉજવ્યો. આ દિન નિમિત્તે જિલ્લામાં રકતદાન કેમ્પનુ આયોજન કરી ૩૦૦ થી વધુ બોટલ રક્ત એકત્રીત કરવામા આવ્યું, તેમજ જિલ્લાને હંમેશા ઉપયોગી બની રહે એવી ''મોબાઈલ એપ''નું લોકાર્પણ કરવામા આવ્યું હતું.

જિલ્લા પંચાયત ખાતે અત્યંત સાદગીપુર્ણ રીતે કેક કાપ્યા બાદ મજરાથી મામા પીપલા સુધી અને પોળોથી પુંસરી સુધી વિસ્તરેલી આ સાબરધરા એવા સાબરકાંઠાને વધુ વિકસિત કરવા, વધુ ઉંચાઈ પર લઈ જવા નવતર અભિગમરૂપ ''સાબરકાંઠા ડીસ્ટ્રીકટ પંચાયત'' (sabarakantha district panchayat) નામની મોબાઈલ એપ્લીકેશન તૈયાર કરવામા આવી હતી. આ એપ્લીકેશન દ્વારા છેવાડાના માનવીથી લઈ શહેરીજન સુધીના આપણે સૌ આંગળીના ટેરવે સમ્રગ જીલ્લાની માહિતિ, પંચાયત તેમજ અન્ય વિભાગોની યોજનાકીય જાણકારી, દવાખાની માહિતિ જેવી અનેકવિધ માહિતિઓ માત્ર એક કલીક પર પલકવારમાં જાણી શકીશું.

આ સાથે હિંમતનગર જિલ્લા પંચાયત ખાતે રેડક્રોસ સોસાયટી હિંમતનગરના સહયોગથી રકતદાન કેમ્પનુ આયોજન કરવામા આવ્યું હતું. જયાં જિલ્લા વિકાસ અધિકારિએ પોતાના જન્મદિન નિમિતે રકતદાન કર્યુ હતું. આ સાથે જિલ્લાના પદાધિકારિઓ, આરોગ્ય અધિકારિઓ, પંચાયત અને અન્ય શાખાના અધિકારિઓ સહિત તલોદ, પ્રાંતિજ અને હિંમતનગર તાલુકાના અધિકારિઓ-કર્મચારીઓ અને ગ્રામજનોએ રકતદાન કર્યુ હતું.

### ૬૯૮૭૮ કેસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૩૬૩૧ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૨૨૨૫૭૭ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એકટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે. જ્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સાથે જ કોરોના વાયરસના કારણે મોતને ભેટનાર લોકોની સંખ્યા વધીને ૫૫૭૯૪ સુધી પહોંચી ગઈ છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે શનિવાર સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના ૬૯૭૩૩૦ એક્ટિવ કેસ છે.

### મનાઈ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે અને સામાનની હેરફેર અટકાવી રહ્યા છે. પત્રમાં કહ્યું છે કે આ પ્રકારના પ્રતિબંધોને કારણે માલસામાનની હેરફેર પર અસર પડી રહી છે અને લોકોને આવશ્યક ચીજવસ્તુઓથી વંચિત રહેવું પડે છે. તેના કારણે ઘણાં લોકોની નોકરી પર જોખમ સર્જાયું હોવાનું પણ તેમાં લખ્યું છે. ગાઈડલાઈનના પાંચમા પેરાનો સંદર્ભ આપીને હોમ સેક્રેટરી અજયકુમાર ભલ્લાએ રાજ્ય સરકારોને સાવધ કરતાં કહ્યું છે કે આ રીતે સતત પ્રતિબંધો લાગુ કરશો તો તમારી એ હરકતને કેન્દ્ર સરકારના આદેશના ભંગ સમાન લેખવામાં આવશે. તેમણે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ પ્રતિબંધો તાત્કાલિક હટાવવા માટે વિનંતી કરી છે અને ગૃહ મંત્રાલયની ગાઈડલાઈનને અનુસરવા માટે કહ્યું છે. ઉલ્લેખનીય છે કે કોરોના વાયરસને કારણે સરકારે પ્રારંભમાં બે મહિના સુધી રાજ્યો રાજ્યો વચ્ચેની ગતિવિધિ અટકાવી દીધી હતી.